# પ્રાંતિજ બેઠક માટે ત્રણ પક્ષો સજ્જ બની રહ્યા છે

## ભાજપ-કોંગ્રેસ કોને મેન્ડેટ આપશે તેમાં અસમંજસ સ્થિતિ...

પ્રાંતિજ, તા.૨૪

પ્રાંતિજ-તલોદ વિધાનસભાની ચૂંટણી માટેનું આગામી ૧૭મી ડિસેમ્બરના રોજ બીજા તબક્કામાં મતદાન યોજાશે. ચૂંટણીની તમામ તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. બીજા તબક્કાના મતદાન માટે જાહેરનામું બહાર પડતાં જ રાજકીય માહોલમાં ગરમાવો પ્રસર્યો છે. જો કે ભાજપ અને કોંગ્રેસ દ્વારા હજુ સુધી ઉમેદવારોની જાહેરાત ન કરાતાં સંભવીત ઉમેદવારો દ્વિધા અનુભવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં કયા ઉમેદવાર વિજયી થયા હતા અને કયા ઉમેદવારને પરાજય સહન કરવો પડયો હતો તેનું વિશ્લેષણ કરી જે તે પક્ષ મેન્ડેટ આપશે. પ્રાંતિજ-તલોદ વિધાનસભા ચૂંટણીનો મુકાબલો કશમકશ ભર્યો બની રહેશે ત્યારે કોને ટિકિટ મળે છે અને કોનું પત્તુ કપાય છે તેનો ઈંતેજાર સૌને છે.

પ્રાંતિજ તલોદ બેઠક પર ૨૦૫૪૩૦ મતદાતા છે જયારે પ્રાંતિજ તાલુકામાં મતદાન ૧૦૭૬૭૩ અને તલોદ તાલુકાનું મતદાન ૯૭,૭૫૭ છે. ૨૦૦૭માં આ બેઠક પર ભાજપના જયસિંહ ચૌહાણને ૫૫૬૧૩ મત મળ્યા હતા. કોંગ્રેસના વી.ડી. ઝાલાને ૪૩૮૧૬ મત મળ્યા હતા. ભાજપે બેઠક જીતી લીધી હતી. આ બેઠક પર ક્ષત્રિય મતદારોનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. એટલે ભાજપ કોંગ્રેસને ક્ષત્રિય મતદારો કબજે કરવા માટે ક્ષત્રિય ઉમેદવારો જ મેદાનમાં ઉતરશે તેવા વ્યૂહ ગોઠવાઈ રહ્યા છે. ૨૦૧૨ની ચૂંટણી માટે આ બેઠક માટે ભાજપના ચાલુ ધારાસભ્ય જયસિંહ ચૌહાણનું નામ તો નિશ્ચિત છે પરંતુ જાણવામાં આવી રહ્યું છે કે જયસિંહ ચૌહાણને દહેગામ સીટ ઉપર લડાવવામાં આવે તો અન્ય સંભવિતોમાં દીપસિંહ રાઠોડની અને જયેન્દ્રસિંહ રાઠોડના નામ પણ ચર્ચાઈ રહ્યા છે.

| | |
|---|---|
| ક્ષત્રિય-૧,૦૬,૭૫૮ | નાયી-૨૧૩૨ |
| પટેલ-૩૫,૬૬૭ | બ્રાહ્મણ-૨૬૪૬ |
| એસ.સી.-૧૨,૬૨૫ | દરજી-૮૫૨ |
| મુસ્લિમ-૫૫૦૨ | સુથાર, કડીયા, |
| રાવળ-૫૩૦૮ | સથવારા-૨૩૭૦ |
| રબારી, દેસાઈ, | વણજારા, ઓડ-૧૩૨૮ |
| ભરવાડ-૫૩૦૮ | મોદી-૬૭૭ |
| પ્રજાપતિ-૪૧૫૦ | નાયક-૭૦૧ |
| વાણિયા-૩૧૯૮ | ગોસ્વામી-૯૧ |
| વાઘરી-૨૩૬૮ | અન્ય-૧૦,૯૩૨ |
| પંચાલ-૧૯૧૭ | |

જયારે કોંગ્રેસમાં મહેન્દ્રસિંહ બારૈયા કે જેઓ અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર જેવી ચૂંટણીમાં સામેવાળાને ચોંકાવનાર હાર આપી છે અને જેઓ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવકતા પણ છે. જેથી જો ભાજપ દિપસિંહ રાઠોડને મેન્ડેડ આપે તો કોંગ્રેસ પણ તેની સામે કાંટાની ટકકર લેવા માટે મહેન્દ્રસિંહ બારૈયાને મેન્ડેડ આપે તેવી ચર્ચાઓ ચર્ચાઈ રહી છે. મહેન્દ્રસિંહ બારૈયાને ઈતરકોમના મત પણ મળે તેમ છે અને ક્ષત્રિય મતદારો જે પક્ષ તરફ ઢળશે તે ઉમેદવારના ભાવિનો ફેંસલો થશે અને કોંગ્રેસ વી.ડી. ઝાલાને હિંમતનગરથી લડાવે તેવું ચર્ચાઈ રહ્યું છે. પ્રાંતિજના ભીખાભાઈ કુબેરદાસ પટેલને ગુજરાત પરીવર્તન (જીપીપી) ના ઉમેદવાર તરીકે મેન્ડેડ મળશે અને તેઓ પણ અગાઉ વિધાનસભા લડી ચુકેલ છે અને અનુભવ પણ છે અને પટેલ સમાજ અને અન્ય ઈતરકોમના વોટ મળતા તે પણ પરિવર્તન લાવી શકે તેમ છે. જયારે અત્યારે તો ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે ને એ આવનાર સમયમાં મતદારો કેવું પરિવર્તન કે કેવા ઉમેદવાર ને કેવા પક્ષને ચાહે છે તે ૧૭મીના દિવસે મતદાન પછી ખબર પડશે.

## સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશમાં ખેડૂતોની બેંક લોન રૂા. ૫૦,૦૦૦/- સુધીની માફ કરવામાં આવેલ છે.
- ગોંડલ રાજવી પરિવારના કાર કલેકશનમાં અલભ્ય ૮૦૦થી વધુ ટોયઝ (રમકડાં) કારનો સમાવેશ.
- બિસ્કીટના ભાવમાં ૬૦ ટકાનો વધારો, ચા-કોફીના રસિયાઓને મોંઘવારી નડશે.
- બાલાસાહેબ ઠાકરેના અસ્થિનું અરબી સમુદ્રમાં વિસર્જન.
- જયપુરની કોર્ટે ગુજરાતના રાજયપાલ શ્રીમતી કમલા બેનીવાલ સામે જમીન કૌભાંડના તપાસના આદેશ આપ્યા.
- અરવિંદ કેજરીવાલનો નવો પક્ષ 'આમ આદમી પાર્ટી.'
- ગ્રામીણ વિસ્તારમાં ટીવી, ફ્રીઝ જેવા ઇલેકટ્રોનિક સામાનો પર ખર્ચ વધ્યો.
- મહિલાઓ ૪૫ વર્ષ પછી રોજના ૬,૦૦૦ ડગલાં ચાલે તો તંદુરસ્તી જોખમાય નહી.
- દિલ્હી-મુંબઇ વચ્ચે ૨૦૦ કિ.મી.ની ઝડપે ટ્રેન દોડશે.
- શિક્ષક કે શૈતાન ??? ૪ વર્ષના વિદ્યાર્થીને પેશાબ પીવાની ફરજ પાડી, આંધ્રપ્રદેશનો બનાવ.
- મહુવાના તલગાજરડામાં પૂ.મોરારી બાપુનાં હસ્તે નરસિંહ મહેતા એવોર્ડની અર્પણવિધિ દેવદિવાળીના દિવસે યોજાશે, કવિ માધવ રામાનુજને એવોર્ડ અપાશે.
- ક્રિકેટર ચેતેશ્વર પુજારાની સફળતાનું રહસ્ય 'માનસિક સંતુલન' : પિતાશ્રી અરવિંદ પુજારા.
- રાજ્યભરમાં નવા ગેસ જોડાણની કામગીરી તદ્દન કથળતાં પ્રજામાં રોષ.
- ૧૬૦ પૂર્વ ક્રિકેટરો પર ધનવર્ષા કરતું ભારતીય ક્રિકેટ બોર્ડ.
- હજુ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટનો કેસ ચાલુ થયો નથી, જયારે મુંબઇ હુમલા કેસમાં કસાબને ફાંસી અપાઇ.
- ભારતીયો રજાને નહી, પરંતુ કામને પ્રાથમિકતા આપે છે, વર્ષમાં માત્ર ૨૦ રજા ભોગવે છે.
- ઓસ્ટ્રેલિયન યુવકે કોમ્પ્યુટર પર સળંગ ૧૩૫ કલાક ગેમ રમવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- સેમસંગ ટૂંક સમયમાં તૂટી ન શકે તેવો ફોન બહાર પાડવાની તૈયારીમાં.
- ચીનની ફરી નાલાયકી, ભારતનાં અરૂણાચલ પ્રદેશને ચીનના નકશામાં બતાવ્યું.
- અમેરિકામાં ધુમ્મસને કારણે ૧૪૦ વાહનો ટકરાતાં, ૨નાં મોત.

## સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી જાહેરનામું પ્રસિધ્ધ કરાયું

હિંમતનગર, તા.૨૪

ભારતના ચૂંટણીપંચ તરફથી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજવાની તા. ૩ ઓકટોબર ૨૦૧૨ના રોજ જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર સાબરકાંઠા જિલ્લાના ૨૭ હિંમતનગર, ૨૮-ઈડર, ૨૯-ખેડબ્રહ્મા, ૩૦-ભિલોડા, ૩૧-મોડાસા, ૩૨-બાયડ અને ૩૩-પ્રાંતિજ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ યોજાનાર છે મતગણતરી તા. ૨૦મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ યોજાનાર છે.

સાબરકાંઠા જિલ્લા વિધાનસભા મતદાર વિભાગમાં ચૂંટણી પંચનું જાહેરનામું તા. ૨૩-૧૧-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૨ છે. ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ ૧-૧૨-૨૦૧૨ના રોજ કરવામાં આવશે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૩-૧૨-૨૦૧૨ છે. તેમજ મતદાન તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ યોજાશે.

## હિંમતનગરના ઈસમનું બેંક ખાતું હેક કરી રૂ. ૩૯ લાખ ચાઉ થયા

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના એક ઈસમના ઈન્ટરનેટ બેકીંગ ખાતાના કોઈ ઈસમે કરી ઈન્ટરનેટ બેકીંગનું ખાતું હેક કરી તે ખાતામાંથી અલગ અલગ સમયે ચાર દિવસમાં રૂ. ૩૯ લાખ ચાઉ કરી જતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ સાયબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિગત મુજબ હિંમતનગર શહેરના ખેડ તસીયા માર્ગ પર આવેલ આકાશવાણી કેન્દ્રની પાછળ રહેતા ભીખુસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાના લોન લીધેલ જે લોનના રૂ. અંદાજે ૭૦ લાખ હિંમતનગરની આઈસીઆઈસીઆઈ બેંકમાં પોતાના ચાલુ ખાતામાં જમા હતા દરમિયાન ભીખુંસિંહ વાઘેલાના બીએસએનએલ મોબાઈલના સીમકાર્ડ નંબર ૯૪૨૬૫ ૫૪૬૦૦ને ૨૩મી ઓકટોબર ના રોજ કોઈ પણ રીતે હેક કરી કોઈ પણ રીતે ભીખુંસિંહ વાઘેલાનું ઈન્ટરનેટ પાસવર્ડ તથા ટ્રાન્જેકશન પાસવર્ડ મેળવીને ૨૩મી ઓકટોબર થી ૨૭મી ઓકટોબર ચાર દિવસ દરમિયાન ચાલુ ખાતામાંથી અલગ અલગ સમયે રૂ. ૩૯ લાખ ટ્રાન્સફર રકમ હેકિંગ દ્વારા બીજા ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધેલાની ભીખુસિંહ વાઘેલાને જાણ થતા તેમને હિંમતનગર પોલીસ મથકે ૨જી નવેમ્બરના રોજ ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે સાયબર ક્રાઈમ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસામા એકસીસ બેન્ક દ્વારા બાળદિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ



દેશના દરેક નાગરિકો સાથે નાતો જોડવા માટે અને બાળકોની કલ્પના શક્તિને ઉજાગર કરવા માટે એકસીસ બેન્ક દ્વારા બાલ દિન નિમિત્તે દરેક શાખાઓ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજવાનું આયોજન કરાયું છે ત્યારે ડીસા શાખા દ્વારા શુભમ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૭ થી ૧૨ વર્ષના બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી.

આ સ્પર્ધામાં જુદી જુદી શાળાના ૭૦ બાળકોએ ભાગ લીધો હતો. આ બાબતે એકસીસ બેન્ક ડીસા શાખાના મેનેજર બ્રિજેશ પારતીએ ગાંધીનગર સમાચારને જણાવ્યું હતું કે એકસીસ બેન્ક ૨૮ રાજ્યોમાં પથરાયેલી છે અને ૧૭૫૦ શાખા આવેલી છે. જે તમામ શાખાઓ દ્વારા બાળદિન નિમિત્તે સ્પેલેસ નામથી પ્રતિયોગીતા યોજાઈ છે. રાજ્ય અને કેન્દ્ર લેવલની પ્રતિયોગીતા યોજાશે. જેમાં દરેક શાખાના સારા ચિત્રો રાજ્ય લેવલે અને રાજ્યકક્ષાના સારા ચિત્રો કેન્દ્ર કક્ષાએ મોકલી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ પ્રોત્સાહન આપવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધાને સફળ બનાવવા માટે બ્રાન્ચ સેલ્સ મેનેજર વિવેકભાઈ, સુભમ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સીપાલ સાલુબેન સહિત સ્ટાફે સારો એવો સહકાર આપ્યો હતો. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## મોડાસામાં સહકારી સંઘના ઉપક્રમે મહિલાઓ અને નબળા વર્ગનો સહશકિતકરણ દિન ઉજવાયો

### સહકાર સપ્તાહને વાઈસ ચેરમેન દ્વારા ખુલ્લો મુકાયો હતો

તલોદ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના મોડાસા મુકામે તાજેતરમાં રાષ્ટ્રીય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ સહકારી સંસ્થાઓ દ્વારા મોડાસા સહકારી જીન ખાતે સહકાર સપ્તાહની ઉજવણી અંતર્ગત મહિલાઓ અને નબળા વર્ગના સહશકિતકરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી અને સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકના વાઈસ ચેરમેન આર.ટી. પટેલે ધ્વજવંદન કરી સહકાર સપ્તાહના કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો.

રાષ્ટ્રીય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે મોડાસા મુકામે સહકારી જીનના પટાંગણમાં સહકારી સંસ્થાઓ દ્વારા મહિલાઓ અને નબળા વર્ગના સહશકિતકરણ દિનની ઉજવણી ગુજરાત રાજય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી. પ્રમુખ સ્થાનેથી વધુમાં જણાવેલ કે 'સામાજીક વિકાસમાં માપદંડો, સુધારાઓ, સંદેશા વ્યવહાર સહિત ભારત ઉદ્યોગોમાં મહિલાઓનું સ્થાન વધારવું.'

આ પ્રસંગે તેમણે ભારતમાં મહિલાઓનું શિક્ષણ અને સાક્ષરતાનું પ્રમાણ તથા જીવનના વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની સફળતાને અવરોધતા તત્વો મહિલા સહશકિતકરણ માટેના સુચનોની વિગતવાર માહિતી આપી હતી. ભારત સરકારે ઓકટોબર ૨૦૧૧માં સહકારી કાયદામાં સુધારો કરી સહકારી પ્રવૃત્તિને વેગ આપવા માટે બંધારણમાં ફેરફાર કર્યો તેની પણ વિગતવાર માહિતી આપી હતી.

જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને માજી ધારાસભ્ય અંબાલાલભાઈ ઉપાધ્યાયે 'સહકારી પ્રવૃત્તિ નબળાની ઢાલ છે, નહીં કે શ્રીમંતોની તલવાર' તેના ઉપર ભાર મુકી ગરીબોના વિકાસ પર ભાર મૂકયો હતો. જિલ્લા સરકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ ખેમાભાઈ પટેલે ખેડૂતોને ત્રિસ્તરીય માળખા મારફતે ખેડૂતોને ઓછા વ્યાજના દરે ધિરાણ આપવા ઉપર ભારત સરકારે જે પગલાં ભર્યા તેની પ્રશંસા કરી હતી તથા સહકારી સંસ્થાઓમાંથી ભ્રષ્ટાચાર નાબુદી ઉપર ભાર મુકયો હતો અને સારા વ્યકિતઓને સહકારી સંસ્થાઓનું સુકાન સોંપવા ઉપર હાકલ કરી હતી. સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકના વાઈસ ચેરમેન આર.ટી. પટેલે ધ્વજવંદન કરી સહકાર સપ્તાહના કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. શરુઆતમાં સંઘના ડીરેકટર મહેશભાઈ ઉપાધ્યાયે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

સંઘના માનદમંત્રી ધુળાભાઈ ટી. પટેલે આવેલા મહેમાનોનું તથા જિલ્લા વિવિધ પ્રકારની મંડળીઓના પ્રતિનિધિઓની આભારવિધી કરી હતી. સંઘના વહવટી અધિકારી ગોપાળભાઈ ઉપાધ્યાય, મેનેજર યશવંતભાઈ જોષી, સી.ઈ.આઈ.એન.એન.એસ. પટેલ મહિલા સી.ઈ.આઈ. રમાબેને ખરાડી, સહકાર સપ્તાહને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## મેઘરજ પોલીસમથકે નોંધાયેલ અકસ્માતના ગુનામાં બે વર્ષ બાદ દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના મેઘરજ સાર્વજનિક હોસ્પિટલમાં ૧૯મી સપ્ટેમ્બર-૨૦૧૦ના રોજ સવારે ૧૦ વાગેના સુમારે ડૉ. રાહુલભાઈ ખરાડી પોતાની જાતે પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ હતા તે સમયે પ્રથમ મેઘરજ પોલીસમથકે અકસ્માત મોતનો ગુનો નોંધાયેલ હતો. ત્યારબાદ રાહુલભાઈ ખરાડીના હાથે લખાયેલ એક ચિઠ્ઠી મળી આવેલ હતી. જે ચિઠ્ઠીમાં તેમની પત્ની પર આક્ષેપો કરતી લખાયેલ હતી તેથી તે ચિઠ્ઠીને એફએસએલમાં તપાસ અર્થે મોકલી હતી.

બે વર્ષ દરમિયાન મોતના બીજા પાસાઓની પણ તપાસ કરાઈ હતી તેવું મેઘરજ પોલીસમથકના ફરજ પરના પી.એસ.આઈ. આર.ટી. કુંપાવતે ટેલીફોનીક વાતચીતમાં જણાવેલ હતુ અને અંતે બે વર્ષ બાદ ૨૩ ઓક્ટોબરને-૨૦૧૨ના રોજ વિજયનગર તાલુકાના જીતેન્દ્રભાઈ અમોલભાઈ ખરાડીની ફરિયાદ આધારે ફરિયાદ નોંધવામાં આવી છે કે ગળે ફાંસો ખાઈ મરણ જનાર ડૉ. રાહુલભાઈ ખરાડીને તેમની પત્ની ભીલોડા તાલુકાના વાઘપુર ગામના દર્શનાબેન કાન્તિલાલ તબિયાડ ત્રાસ આપી મરવા સુધીનું દુષ્પ્રેરણ કરતા મરણ જનાર ડૉ. રાુલભાઈ ખરાડીને ત્રાસ સહન ન થતા ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ પોલીસે કલમ ૩૦૬ મુજબ ડૉ. ની પત્ની દર્શનાબેન તબિયાડ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાંતિજમાં મહોરમ નિમિત્તે કાર્યકરોની શાંતિ બેઠક યોજાઈ કાયદો વ્યવસ્થા સજ્જડ બનાવાઈ

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં મહોરમની ઉજવણી નિમિત્તે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પ્રાંતિજના પી.આઈ. ઉપાધ્યાયે હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનોની શાંતિ સમિતિની બેઠક યોજી હતી.

શાંતિ બેઠકમાં મહોરમ-તાજીયા નિમિત્તે હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો સાથે વિચાર વિમર્શ કરી કાયદો વ્યવસ્થા સજ્જડ બનાવાઈ છે. મુસ્લિમ સમાજનો મહોરમ ઉત્સવ શાંતિપૂર્વક ઉજવાય તે માટેના સામુહિક પ્રયાસો તથા તાજીયા જુલુસ પણ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે બહારની પોલીસ તથા અન્ય બે ટીમો, બટાલીયન પણ બોલાવવામાં આવી છે. એક બાજુ મહોરમ અને બીજી બાજુ ચૂંટણીનો માહોલ સર્જાતા સમગ્ર મહોરમ ઉત્સવ શાંતિપૂર્ણ રીતે પૂરો થાય તે માટે સમાજના અગ્રણીઓ સર્વશ્રી રઈશભાઈ કસ્બાતી, નિત્યાનંદ બ્રહ્મભટ્ટ તથા અન્ય આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

## શામળાજીમાં ચોરી

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ખાતે આવેલ જયંતીભાઈ દેવકરણભાઈ પટેલના રિલાયન્સ ટાવરના શટલનું તાળું ૨૩મી ઓક્ટોબરની રાત્રીના સમયે કોઈ ચોર ઈસમે અંદરથી ચેટ સપન કંપનીની નંગ-૨૪ બેટરી કિંમત રૂ. ૧૫ હજારની ચોરી કરી લઈ ગયેલ જે અંગે શામળાજી પોલીસમથકે જયંતીભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

## શામળાજીના નાગધરા કુંડ પાસેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પોલીસમથકે શામળાજીના સરપંચ નરેશકુમાર કાન્તિલાલ કટારાએ શનિવારના રોજ સવારે જણાવેલ કે શામળાજીના મેશ્વો સરોવરની બાજુમાં નાગધરા કુંડની બાજુમાં પાણી પુરવઠા ખાતાનો આવેલ હોજમાં એક અજાણ્યા ઈસમ અંદાજે ૨૫ વર્ષની ઉંમરના પુરુષની વણ ઓળખાયેલ મૃતદેહ પડેલ છે તેથી પોલીસ સ્થળ પર ગયેલ અને પ્રાથમિક તપાસમાં એવું જણાયેલ કે આકસ્મિક રીતે બે થી ત્રણ દિવસ પહેલા હોજમાં પડી ગયો હોવાનું જણાય છે. તેથી શામળાજી પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી ડોગ સ્કોર્ડ, ફિંગર પ્રિન્ટ અને એફએસએલને બોલાવી તપાસ હાથ ધરી છે.



ડીસા રાજપુરથી સુંધાજી પગપાળા સંઘનું પ્રસ્થાન આજે સવારે થયું હતું. સંઘમાં ૨૦૦ પદયાત્રીઓ માતાજીના દર્શનાર્થ માટે જોડાયા છે. સંઘ ૨૭મીને મંગળવારના રોજ સુંધા માતાએ પહોંચીને પૂજા અર્ચન બાદ ધજા રોહણ કરશે. સંઘનું આયોજન રમેશભાઈ સુંદેશા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## હળવાશની ક્ષણોમાં ! (પાના નં. ૨ નું ચાલુ)

ચીચીયારી સાંભળીને માળિયામાં ઊંઘી રહેલી બિલાડી જાગી ગઇ અને છલાંગ લગાવી ! આવી બધી ગતિવિધિઓને કારણે મારા રાઈટીંગ ટેબલ પાસેથી દિવાલ પરથી મોનાસીલાની તસ્વીર જમીન પર પટકાઇ ! ગભરાટમાં મારા ટેબલ પર પડેલી વસ્તુઓ મારાથી ફંગોળાઇ ! ત્યાર બાદ મોનાસીલાની તસ્વીર હાથમાં લીધી તો તેની આંખમાંથી જાણે લોહી ટપકતું હોય તેવું લાગ્યું ! આવી પરિસ્થિતિમાં ડર તો લાગે જ ! આશ્વાસન ખાતર મેં મારી જાતને ઓલફ્રેડ હીચકોકની સાથે સરખાવી કારણ કે તે પણ ડરપોક જ હતો ને !

આ બનાવની ઘરમાં કોઇને જાણ કર્યા વગર હું ચૂપચાપ ઊંઘી ગયો. બીજા દિવસે મોનાલીસાની તસ્વીરે ફરીથી જોવા હું ઉપરના મજલે ગયો ત્યારે જાણવા મળ્યું કે પત્ની દ્વારા મારા ટેબલ પર રહી ગયેલી કુમકુમની બોટલ ફંગોળાઇને મોનાસીલાની તસ્વીર પર પડી હતી જેણે હોરર ઇમેજ ઊભી કરી હતી !

આ રીતે અડધી લખાયેલી ભૂતકથા તરફ જોવાની પણ હિંમત નો'તી ! ભૂતકથા લખવામાં હું 'ફ્લોપ' સાબિત થયો !

'ફ્લોપ' શબ્દ પરથી ટી.વી. સિરીયલ 'ફ્લોપ શો' ના હીટ સર્જક અને હાસ્ય-કટાક્ષના બેતાજ બાદશાહ સ્વ. જશપાલ ભટ્ટીની યાદ આવી ગઇ કારણ કે, ચાર-પાંચ વર્ષ પહેલાં અમે ચંડીગઢમાં તેમને ઘેર મળવા ગયેલા ત્યારે તેમના ફેમીલી મેમ્બર્સ તરફથી અમને અમારી ટૂંકી મુલાકાત દરમિયાન પણ અપાર સ્નેહ મળ્યો હતો.

આ લેખ તેમને શ્રધ્ધાંજલી રૂપે અર્પણ કરૂં છું.